વહેલી જેલમુક્તિ અંગેની નીતિમાં સુધારો
કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: જલક/૩૯૨૦૨૨/૨૪૯૩/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૬/૦૪/૨૦૨૩

વંચાણે લીધા : (૧) ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંક : જલક/૮૨૨૦૧૨/૧૮૫૯/જ, તા.૨૩/૦૧/૨૦૧૪
(૨) સરકારી વકીલશ્રીનો તા.૩૧/૦૧/૨૦૨૩નો અભિપ્રાય
(૩) કાયદા વિભાગનો તા.૨૨/૦૨/૨૦૨૩નો અભિપ્રાય

આમુખ:

રાજયના કેદીઓના વહેલી જેલમુકિત અંગેના કેસો વર્ષ ૨૦૧૪ ની નીતિ મુજબ વિચારણામાં લેવામાં આવે છે અને તેને કારણે કેટલાંક કેસો નામંજુર થવાથી સરકારના નિર્ણયને નામ. હાઇકોર્ટ તેમજ નામ. સુપ્રિમ કોર્ટમાં કેટલાંક કેસોમાં પડકારવામાં આવેલ હતા. નામ. કોર્ટ ધ્વારા કેદીની અરજીની વિચારણા વેળાએ અમલમાં છે તેવી વર્ષ ૨૦૧૪ની નીતિ મુજબ કેસની વિચારણા નહીં કરતાં કેદીનું કન્વીકશન જયારે થયું ત્યારે જે નીતિ અમલમાં હોય અથવા કેદીને લાભકર્તા હોય તે નીતિ હેઠળ કેસની વિચારણા કરવાની થાય તે મુજબ આદેશો કરવામાં આવેલ છે. આ બાબતે સરકારી વકીલશ્રી તથા કાયદા વિભાગનો અભિપ્રાય મળેલ છે તે જોતાં વિભાગના વંચાણે લીધા(૧) સામે દર્શાવેલ ગૃહ વિભાગના ઠરાવથી હાલમાં પ્રવર્તમાન વહેલી જેલમુકિત અંગેની નીતિમાં સુધારો કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. આથી વહેલી જેલમુક્તિ અંગેની વંચાણે લીધા(૧) સામે દર્શાવેલ ગૃહ વિભાગના ઠરાવથી હાલમાં પ્રવર્તમાન નીતિમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:-

"રાજયના પાકા કામના કેદીઓના વહેલી જેલમુકિત અંગેના કેસો જયારે વિચારણામાં લેવામાં આવે ત્યારે કેદીની અરજીની વિચારણા વેળાએ અમલમાં છે તે નીતિ મુજબ કેસની વિચારણા નહીં કરતાં કેદીનું કન્વીકશન જયારે થયું હતું તે તારીખે જે નીતિ અમલમાં હતી તે નીતિ અથવા તે પછીની કોઇ નીતિ કે જે કેદીને લાભદાયક હોય તે મુજબ કેસની વિચારણા કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)(જેલ-સ્વ.હ.)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સપેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ ભવન ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી
- સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી
- સર્વે જીલ્લા સેશન્સ ન્યાયાધીશશ્રી
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી
- સર્વે અધિક્ષકશ્રી, તમામ મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/સબ જેલ (જે.ઇ.જ.શ્રી મારફત)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ